**અગત્યનું**

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/૨૫૫૨-૯૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.17/03/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય :- શૈક્ષણિક વર્ષ-2020-21 માં ધોરણ-9 થી 12ની શાળાકીય પરીક્ષા લેવા બાબત.
સંદર્ભ :- 1) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/2210-49, તા.24/02/2021.
2) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/2298-2337, તા.26/02/2021.
3) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/2419-57, તા.02/03/2021.

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેના સંદર્ભ દર્શિત પત્રોથી શૈક્ષણિક વર્ષ 2020-21 માટે ધોરણ-9 થી 12 ની શાળાકીય પરીક્ષાની તારીખોની વિગતો તેમજ પરીક્ષાના આયોજન શાળા કક્ષાએથી કરવા અંગેની જરૂરી સૂચનાઓ જાણ તથા અમલ સારૂં આપને મોકલી આપવામાં આવેલ છે.

ઉક્ત વિગતે અત્રેથી જણાવ્યા અનુસાર ધોરણ-9 થી 12 ની પ્રથમ પરીક્ષા તા.19/03/2021 થી તા.27/03/2021 દરમ્યાન લેવામાં આવનાર છે. આ પરીક્ષાના ગુણ આંતરિક મૂલ્યાંકનમાં તેમજ વર્ગ બઢતી માટે ગણતરીમાં લેવાના થાય છે. જેથી આ પરીક્ષા આપવી એ વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતમાં છે. તેથી વિદ્યાર્થીઓ અને વાલીઓને આ અંગે શાળાના આચાર્યશ્રીઓ તેમજ શિક્ષકો દ્વારા સમજ આપવામાં આવે તે ઇચ્છનીય છે. જે વિદ્યાર્થીઓ કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી આવતા હોય તેઓ આ પરીક્ષા આપવા માટે શાળામાં ઉપસ્થિત ન રહી શકે તો તેવા વિદ્યાર્થીઓના રહેઠાણનો વિસ્તાર કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી મુક્ત થાય ત્યારે તે વિદ્યાર્થીઓ માટે શાળાએ નવા પ્રશ્નપત્રો કાઢીને પુનઃ પરીક્ષા લેવાની રહેશે. જો કોઈ શાળા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવતી હોય તો તે શાળાનો વિસ્તાર કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી મુક્ત થાય ત્યારે પરીક્ષાનું આયોજન શાળાકક્ષાએથી ગોઠવવાનું રહેશે.

ઉક્ત તમામ વિગતો આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપશો.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- ખાસ ફરજપરના અધિકારીશ્રી, ગુ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના:-
- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ સારૂં)
- નાયબ નિયામકશ્રી પરીક્ષા(વિ.પ્ર./સા.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં)

ક્રમાંક:માવિ.૬/પરીપત્ર/૨૦૨૧/૬૩૨૫૭
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. ૧૮/૦૩/૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner